# મેઘાણીકૃત ‘વેવિશાળ’ : સંબંધોના સરવાળા

**Mukesh Madhubhai Shiyal**
(Lecturer)
Shree Radheshyam Mahila Arts College – Mahuva.,
Dist.-Bhavnagar, Gujarat.

Received: Feb. 16, 2018 Accepted: March 12, 2018

ભારતીય સંસ્કૃતિનો પાયો છે વેદ, વેદમાંથી સમાજને મળે છે યજ્ઞીય ભાવના. સમાજના રીત-રિવાજો, બંધનો, સંસ્કૃતિ વગેરેને ટકાવી રાખવા માટે આપણા પૂર્વજોએ ઘનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. સમાજ રચનાનો વિચાર જ સંસ્કૃતિનું દ્યોતક છે. માણસ – માણસ વચ્ચેના આત્મિયતા ભર્યા સંબંધોથી જ ખરા અર્થમાં જીવન વધારે જીવવા લાયક બને છે. ભારતીય સાહિત્યમાં ડોકિયું કરતા આપણને માનવ મૂલ્યોની પ્રતીતિ થશે. જે તે સમયની તત્કાલીન પરિસ્થિતિએ માનવજીવનના ઘડતરનું કાર્ય કર્યુ છે. માણસના સામાજીક વિકાસમા ભારતીય સાહિત્યનો ફાળો નાનોસૂનો ન ગણી શકાય, ભારતીય વિવિધ ભાષાના સાહિત્યમાં પણ ગુજરાતી સાહિત્ય સંસ્કારોથી ભર્યું-ભર્યું આપણે જોઇ શકીએ છીએ.

ગુજરાતી ભાષાના સર્જકો પાસેથી મળતા નવલકથા સાહિત્યમાં મેઘાણીનું પ્રદાન અમૂલ્ય રહ્યું છે. પોતાને ‘પહાડનું બાળક’ તરીકે ઓળખાવનાર ઝવેરચંદ મેઘાણી બગસરાના વતની હતા. રાજકોટ અને ભાવનગરની કૉલેજમાં તેમણે અભ્યાસ કર્યો હતો. અંગ્રેજી તથા સંસ્કૃત વિષયો સાથે બી.એ. થયા. એમ.એ. નો અભ્યાસ શરૂ કર્યો હતો પણ કૌટુંબિક જવાબદારીઓને લીધે તેમાં અંતરાય આવ્યો. નોકરી અર્થે અૅલ્યુમિનિયમના કારખાનામાં મેનેઝર તરીકે પણ જોડાયેલા. પણ મેઘાણીના હ્રદયમાં પડેલા ડુંગરો, રેતાળધરતી, ઘોડે સવારી, ઝરણાનું સંગીત, નદી વગેરે તેને પોતાના વતન સુધી ખેંચી લાવ્યા. મેઘાણી પાસેથી ‘વસુંધરાના વહાલાં દવલાં’, ‘સોરઠ, તારા વહેતાં પાણી’, ‘વેવિશાળ’, ‘તુલસી ક્યારો’ જેવી સફળ નવલકથાઓ પ્રાપ્ય થઇ છે. આ બધી કથાઓમાં આપણને ભારતીય સમાજના લોહીમાં રહેલા મૂલ્યોના દર્શન થાય છે.

‘સોરઠ, તારાં વહેતા પાણી’ પછી મેઘાણીની ઉત્કૃષ્ટ કૃતિ કહેવી હોય, ગુજરાતી પ્રજામાં વધારે વંચાણી હોય તો તે કૃતિ ‘વેવિશાળ’ છે. ‘વેવિશાળ’ કૃતિમાં ગુજરાત અને સૌરાષ્ટ્રના સમાજજીવનને સ્પર્શતા પ્રશ્નો, તેમની આબેહૂબ ભાવનાઓ અને માણસના હ્રદયની ધડકન ઝીલતા પાત્રોની કથા આલેખી છે. ‘વેવિશાળ’ની કથા કુલ ૩૭ પ્રકરણોમાં સમાવિષ્ટ છે. ‘સાસરિયાંની ધમકી’થી શરૂ કરીને ‘મારી લાડકી’ નામના પ્રકરણે કથા પુરી થાય છે. ‘પહેલું મિલન’, ‘પરોણો આવ્યો’, ‘જુવાન પુત્રીની આફતમાંથી’, ‘બંગલી પરની વાતો’, ‘ભાભુનું ગુપ્ત ક્રંદન’ વગેરે સૂચક પ્રકરણોથી આખી કથા રોચક બનવા પામી છે. કથાવસ્તુ ગુજરાતના એક વણિક પરિવારનું છે. કથાનો નાયક સુખલાલ અને નાયિકા સુશીલા છે. શરૂઆતથી જ આખી કથા સંઘર્ષમયી રીતે ચાલે છે. સુખલાલ રૂપાવટી ગામના દીપચંદશેઠનો પુત્ર છે. જ્યારે સુશીલા ગીરપંથકના થોરવાડ ગામના ચંપક શેઠના નાનાભાઇની એક માત્ર પુત્રી છે. સુશીલાનું બાળપણનું નામ સંતોક હતું. સમય જતાં સુશીલાનું કુટુંબ મુંબઇ જઇને વસવાટ કરે છે. ત્યાં વિદેશી કાપડના વ્યવસાયમાં ફાવટ આવી જતા મુંબઇ સ્થાયી વસવાટ કર છે. પરિસ્થિતિ એવી છે કે ચંપકશેઠને સંતાન ન હોવાથી નાનાભાઇની દીકરી સુશીલાને પોતાની દીકરીની જેમ જ સારસંભાળ રાખે છે, સુશીલાનું માન-પાન, સ્વમાન, શિક્ષણ, રહેણી - કહેણી સર્વેનું બરાબર ધ્યાન રાખવામા આવે છે. સમય પ્રમાણે તેનો ઉછેર કરવામાં આવે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે દીકરીને મુંબઇ જેવી માયાનગરીમાં ઉછેર્યા પછી, શિક્ષણ આપ્યા પછી રૂપાવટી જેવાં ગામડામાં વસવાટ કરતાં સુખલાલ જોડેનું વેવિશાળ અકબંધ રાખવું કે કેમ?

પ્રસ્તુત કથામાં બે પરિવારનો સંઘર્ષ જોવા મળે છે. બે કુટુંબોની તત્કાલીન સ્થિતિ સર્જકે દર્શાવી છે. ભારતના અને ખાસ કરીને ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના લોકોમાં સામાજીક રીત રિવાજો કઇ રીતે કૂશળતા પૂર્વક રાખવામાં આવતા હતા, તેની ધારોધાર વાત દર્શાવવાનો મેઘાણીનો આશય રહ્યો છે. ગુજરાતના ગામડાઓમાં વેવિશાળ અકબંધ રાખવું કે ન રાખવું તેવાં નિર્ણયોમાં પણ સ્ત્રીની શી ભૂમિકા છે? તે પણ નવલકથામાં જોઇ શકાય છે. સગપણ સંબંધો એ માત્ર બે પાત્રો વચ્ચેના હોતા નથી પણ બે કુટુંબના બધા જ સભ્યો વચ્ચેના સંબંધો હોય છે. માનવ મૂલ્યોનું સંબંધોમાં શું સ્થાન છે? તેની પ્રતિતિ આપણને પ્રસ્તુત નવલકથામાંથી જોવા મળશે. ગુજરાતનાં ગામડાઓમાં વેવિશાળ રાખવું અને એ તોડી નાખી બીજા અન્ય પાત્ર સાથે કરવું તે એક સામાન્ય બાબત છે, પરંતુ નવલકથાકારે આ ઘટનાને જીણવટ પૂર્વક આલેખી તે પ્રસંગને ટકાવી રાખવા કે તોડી રાખવામાં ઘર કે કુટુંબના અન્ય સભ્યોની શી ભૂમિકા અને કેવી ભૂમિકા હોય છે તે દર્શાવ્યું છે. એક રીતે જોતા વેવિશાળ બાળપણથી જ થઇ ગયું છે પરંતુ સુખલાલ અને સુશીલા યુવાન થયાં તો પણ એક બીજાને જોયા નથી, ત્યારે આવા પરંપરાગત રિવાજોની સમાજમાં શી અસરો થાય છે? તેનો ખ્યાલ પણ આપણને આવે છે.

કૃતિના મનોવૈજ્ઞાનિક તથ્ય પર નજર નાખતા જણાશે કે બન્નેનું વેવિશાળ બાળપણમાં થયું છે એટલે એકબીજાને પસંદગીના પ્રશ્નો છે જ નહીં માત્ર બન્નેએ સંબંધો નિભાવવાના છે. ગામડાના રીત રીવાજો અને તેમાં રહેલી ભૂલો પણ આપણને ઉડીને આંખે આવે છે. આ જ વેવિશાળ ચંપકશેઠે જો વિજય સાથે કર્યુ હોત તો તોડવા માટેનો કોઇ પ્રશ્ન ઉભો જ ન થાત. બાળપણમાં સગપણ કરી નાખવાની આવી પ્રથા હવે આવનારી પેઢી સ્વીકારશે કે કેમ? તે પણ એક પ્રશ્ન જ છે. એકવીસમી સદીના યુવાનોના બાળપણના સગપણ સંબંધો યોગ્ય જણાશે? એક સમય એવો હતો કે દીકરી - દીકરાને પૂછ્યા વગર માતા પિતા દ્વારા જીવનભરના સંબંધો નક્કી થઇ જતાં હતા જ્યારે અત્યારે દીકરા- દીકરીઓ મા-બાપને પણ પૂછ્યા વગર એક બીજાની પસંદગીના પાત્રો શોધી લેતા હોય છે. પ્રશ્ન એ છે કે સુખલાલ અને સુશીલા બન્ને પોતાના વાલીઓએ નક્કી કરેલા સંબંધોને

ટકાવી રાખે છે. પણ એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે કે સુશીલા કે સુખલાલ એક બીજાના સંબંધો તોડવા ઇચ્છતા નથી. પણ સામજીક મોભાને ટકાવી રાખવા માટે સુશીલાના મોટા બાપુજી (ચંપકશેઠ) વેવિશાળ તોડવાની દીશા તરફ વિચારી રહ્યા છે. બીજુ એ પણ નોધવું જોઇએ કે સુખલાલ કે સુશીલાની પસંદગીથી આ સગપણ થયું નથી તેથી જે તે સમયે સગપણ સંબંધ નક્કી કરવામાં બન્ને પરિવારના મોભી લોકોએ જ વેવિશાળ કર્યુ છે. એટલે ઉભી થયેલી સમસ્યાનું કારણ સુખલાલ કે સુશીલા નથી પણ બન્ને પરિવારના સભ્યો જ છે, તેમાં પણ ચંપકશેઠને જ પોતાના સામાજીક મોભાની અસરથી આ સગપણ ખટપટે છે. આ તો એવી વાત થઇ મેળામાંથી ગમતું વાગતું, કૂદતું રમકડું ખરીદ્યુ અને ખરીદ્યા બાદ ઘરે પહોચતા નાચતું બંધ થઇ જાય એટલે દુકાનદારને પાછું આપી દેવાનું અને ઉપરથી પૈસા પરત માંગવાના!

ચંપકશેઠ દ્વારા બે હજાર રૂપિયા આપીને પણ વેવિશાળ તોડવાની ઘટના આપણા સમાજની કલંકીત ઘટના છે અને સમાજને ખોટી દીશા તરફ નિર્દેશ કરનારી ઘટના છે. વેવિશાળ જેવાં જીવનના મહત્વના પ્રસંગને બે હજાર રુપિયા જેવી મામૂલી રકમથી જતું કરવું તે એક દ્રષ્ટિથી માનવમૂલ્યોનું નિકંદન જ છે. આપણા સમાજમાં ચંપકશેઠ જેવાં એવા પણ પાત્રો છે કે જે હવાના રૂપની માફક ફરતા રહે છે લેખકે ખૂબ જ કુશળતા પૂર્વક સંબંધોને ટકાવી રાખી આવા પાત્રોની મન:સ્થિતિની જીત થવા દીધી નથી. મેઘાણી એ ગુજરાતના ગામડાઓમાં જીવાતી રહેલી સંસ્કૃતિને કૃતિમાં આબેહૂબ ચિતારી આપી છે. બે હજારા રૂપિયાની રકમથી સંબંધોને માપવાની ચંપકશેઠ જેવાની બૂરી દ્રષ્ટિથી સમાજમાં HAVE AND HAVE NOT ની સમાજીક સમસ્યા ઉભી થાય છે. સગવડતા કે આર્થિક સધ્ધરતાપણું સમાજમાં જીવાતા મૂલ્યોને કેવી હીન દીશા તરફ કઇ રીતે લઇ જાય છે તે પરિસ્થિતીનો હૂબહૂ અરીસો આપણે આ કૃતિમાં જોઇ શકીએ છીએ. મેઘાણી આપણી સામાજીક રચનાથી વાકેફ છે એટલે તેણે અંતમાં સામાજીક વિદ્રોહ ન થાય, ભૌતિક્તાની જીત ના થાય તેનો ખ્યાલ રાખ્યો છે. ખુદ કથાની નાયિકા સુશીલા પણ આ પ્રકારની બનતી રહેલી ઘટનાથી ભલીભાતી પરિચિત છે, તે પણ ઇચ્છે છે કે સુખલાલ સાથેનું એનું દાંપત્ય સારી સુગંધ પ્રસરાવી શકશે. સુશીલાની વિવશતા એ છે કે તે ઘરના કોઇ સભ્યોને કહી શક્તી નથી. ભાભુ એક એવું પાત્ર છે કે તે તેની સમક્ષ પોતાના હૈયાની બધી જ વાત કરી શકે છે.

મેઘાણીએ અહીં સંયુક્ત કુટુંબ પ્રથાની અંદર બનતાં સંઘર્ષોને રજૂ કર્યા છે. વેવિશાળ રાખવું કે તોડવું તે સંદર્ભે સુશીલાના માતા-પિતા કશો જ અભિપ્રાય આપી શક્તા નથી. કારણકે મોટાભાઇ (ચંપકશેઠ)ની હયાતીથી ઘરના બધા જ નિર્ણયો તે લે છે. સુશીલાની માતાની વૈચારિક ભૂમિકા ચંપકશેઠના વિચારો સાથે મળતી આવે છે. સંયુક્ત કુટુંબ પ્રથામાં માતા-પિતાની આવી વિવશતા દર્શાવી લેખકે ગુજરાતના ગામડાઓની તત્કાલીન સ્થિતિ કેવી હશે તેની પ્રતિતિ કરાવી છે. સામાજીક મૂલ્યોનો હ્રાસ કરીને પણ ભૌતિક્તા તરફની દોટ અને કંચનયુગ તરફની દ્રષ્ટિનું સૂચક પાત્ર ચંપકશેઠ છે. તો બીજી તરફ સાદગીપૂર્ણ રહીને પથારીવશ પડેલી પત્નિની અંતઘડી સુધી સેવા કરી કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરનાર દીપચંદ શેઠ જેવાં પાત્રો પણ કૃતિમાં છે. એટલે જીવનનું એક એવું તત્વજ્ઞાન આપણે આ કૃતિમાંથી મેળવી શકીએ છીએ કે વાસ્તવ જગત કેટલું સમસ્યાઓથી ભરેલું છે. સર્જકે ખબર ન પડતા ભાવકોને સૂચિત કર્યા છે કે જેની દ્રષ્ટિ માત્ર સુખ–સગવડ તરફની છે તેનાં માટે માનવસંબંધો કે માનવમૂલ્યોની કોઇ કીંમત નથી. ભારતીય સંસ્કૃતિને ઓળઘોળ પી જનારી આપણી સામાજીક રચનામાં આવા પ્રસંગો તે જીવનમૂલ્યો અને સંબંધોનો વિનાશ નોતરનારા સાબિત થાય છે એવું પણ આપણને જોવા મળશે.

સુખલાલના માતા-પિતાની જે સ્થિતિ છે તે મુજબ ગરીબ હોવું તે આ સમાજમાં એક પાપ સમાન છે. સુખલાલની માતા મૃત્યું પથારીએ બેઠી છે છતાં સુખલાલને તે મુંબઇ જવા તત્પર કરે છે.(કહો કે મજબૂર કરે છે) કહે છે કે જો તારું વેવિશાળ ફોક થશે તો મારું મૃત્યુ બગડશે, તારા નાના ભાઇ-ભારુઓના પણ સગપણ નહી થાય. સામાજીક, માનસિક અને શારીરિક એવી વિકટ પરિસ્થિતિમાં પણ સંબંધોની ગરીમા આ કુટુંબ સાચવે છે. ઉમાશંકરે તેની એક કાવ્ય પંક્તિમાં લખ્યુ છે કે: 'મોટાઓની અલ્પતા જોઇ થાક્યો, નાનાઓની મોટાઇ જોઇને જીવું છું' તે કેટલુ સાર્થક થતું જણાઇ આવે છે. આ જગત ટક્યું જ છે આવા જીવનના મૂલ્યોને પોતાનો ક્ષય થવા છતાં સંબંધોને ટકાવી રાખનારા લોકો દ્વારા. સામાજીક મૂલ્યોને ટકાવી રાખવા માટે સર્જકે નવલકથાના અંત ભાગમાં સબંધોની જીત બતાવી છે. સુખલાલ –સુશીલાનું સગપણ ટકાવી રાખવા માટે ચંપક શેઠની પત્ની પોતાના પતિ સામે પણ વિદ્રોહમાં ઉતરે છે. મહાજનને કહે છે કે કોઇ પણ સંજોગોમાં આ સગપણ અકબંધ જ રહેશે. સમગ્ર કૃતિમાં સંઘર્ષ હોવાથી તેની સુગંધ ભાવક અંતમાં માણી શકે છે. કથાકારની કહેવાની રીતથી સામાન્ય માણસ પણ કથાવસ્તુ સાથે ભાવાત્મક ઐક્યથી જોડાય રહે છે. વૈવિધ્યથી ભરેલા વિશિષ્ટ પાત્રો દ્વારા સમગ્ર કથા આસ્વાદ્ય બની છે. પાત્રોની ઉંચાઇમાં કે ગરીમામાં કોઇ ઓછપ દેખાતી નથી. નાયક નાયિકાના ભાવોને મેઘાણી આપણા વાતાવરણને અનુરૂપ ઘડી શક્યા છે. નાયક સુખલાલની ધીરજ, સંઘર્ષમાંથી પસાર થવાની ભાવના, યોગ્ય નિર્ણય શક્તિ, શરીર કે મન સાથ ન આપે તો પણ કાર્ય પૂર્ણ કરવાની તાલાવેલી વગેરે બાબતો આપણને એક આદર્શ ભારતીય યુવાનના દર્શન કરાવી જાય છે. તો વળી સંતોકમાંથી બનેલી સુશીલાને પણ સર્જકે બરાબર રીતે જ આલેખી છે. મુંબઇ જેવી મોહમાયાવી નગરીમાં ભૌતિક સુખ-સગવડો, નોકર-ચાકરની વચ્ચે રહેવાં છતાં સુખલાલ જેવાં ગામડાના અભણ પાત્ર વિશે લેશ માત્ર પણ સંદેહ કર્યા વિના ભાવિ પતિ તરીકે સ્વિકારી સ્ત્રીની આદર્શતાને મેઘાણી એ સાકારીત કરી બતાવી છે. ભારતીય સ્ત્રીની આદર્શ મનોકામનાના સીધા દર્શન ભાવક જોઇ શકશે. સુશીલા મુંબઇની માત્ર દેખાવડી અને હલ્કી વ્યવહારિક્તાને ઓળખી જાય છે પોતાના સૌંદર્યની કે સધ્ધરતાની જરાપણ આંચ સુખલાલ પ્રત્યેના ભાવમાં આવવા દેતી નથી. ભારતીય ગ્રામ્યજીવનમાં સગપણને લઇ ઉભી થતી ખટપટો અને આદર્શ પાત્રોને રજૂ કરનારી આ કૃતિ ચીરકાળ સુધી ગુજરાતી સાહિત્યના મોભા સમી રહેશે.

**સંદર્ભ :**

'વેવિશાળ' ઝવેરચંદ મેઘાણી

'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ' – રમેશ દવે

'મેઘાણીવિવેચનાસંદોહ' ખંડ : ૨ સં. જયંત કોઠારી